# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૮/ક્વા-૨/૨૧-૨૨/૭૬૯૪-૪ તા.૨૨-૧૨-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૩૮/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : સોરઠીયા નરશીભાઈ ધુસાભાઈ ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : મવડી રોડ

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

તારીખ: ૨૨-૧૨-૨૦૨૧

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં.૩૦૬૦૮/૦૧૪૩૭/૦ થી ઉપરોક્ત સ્થળે રહેણાંક હેતુનું સિંગલ ફેઈઝ વીજજોડાણ ધરાવે છે. સદર જગ્યા પર અરજદારને ૦૩ (થ્રી) ફેઝ વીજજોડાણની જરૂરિયાત હોય તેઓએ તા.૨૪.૦૫.૨૦૨૧ ના રોજ અરજી કરેલ હતી અને તા.૨૬.૦૫.૨૦૨૧ ના રોજ **SR** નં. ૧૩૮૬૮૨૧૪ થી રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરેલ. ત્યારબાદ તેઓ દ્વારા તા.૦૮.૦૬.૨૦૨૧ ના રોજ સર્વે કેટેગરીમાં ‘સી’ ટાઈપ મુજબનું કવોટેશન ભરેલ છે. સદર પ્રક્રિયાને ૦૩ (ત્રણ) માસથી વધુ સમય થવા છતાં હજુ સુધી વીજજોડાણ આપેલ ન હોય તાત્કાલિક અસરથી વીજજોડાણ અપાવવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકારની મવડી રોડ પેટાવિભાગીય કચેરી તરફથી તા.૨૪-૦૯-૨૦૨૧ થી જણાવાયેલ કે અરજદાર દ્વારા તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.૩૦૬૦૮૦૧૪૩૭૦

માં હૈયાત ૦.૫ કીવોના કોન્ટ્રાક્ટ વીજભારમાં ૦૬ કીવોનો વીજભાર વધારા (૦.૫+૬.૦=૬.૫) માટે તા.૨૬/૦૫/૨૧ ના રોજ વિભાગીય કચેરીએ અરજીનું રજીસ્ટ્રેશન રસીદ નં. **RN 0**૭૮૯૧૫ થી કરાવેલ છે.

૨.૧ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સ્થળ તપાસ કરી સર્વે કરી અરજદારને **‘C’** કેટેગરીનું નિયત ભાવપત્રક પત્ર નં ૫૨૭૯ તા.૦૪/૦૬/૨૧ થી આપવામાં આવેલ છે. અરજદાર દ્વારા તા. ૦૮/૦૬/૨૧ ના રોજ પોતાનું નિયત ભાવપત્રક ભરેલ છે.

૨.૨ સર્વે મુજબ હાલ ની હયાત કેપેસીટીનું ટ્રાન્સફોર્મર ૬૩ **KVA** છે. તેને ઓગ્મેન્ટ કરી ૧૦૦ **KVA** નું કરવું પડે તેમ છે. હાલમાં એટલેકે તા.૨૪-૦૯-૨૦૨૧ ના રોજ પેટાવિભાગીય કચેરીમાં ૧૦૦ **KVA** ટ્રાન્સફોર્મર નોન સ્ટોક હોય, ટ્રાન્સફોર્મરની ક્ષમતા વધારી શકાયેલ નથી. અત્રેની કચેરી દ્વારા સદર અરજદાર ના લોડ વધારાની કાર્યવાહી થઈ શકેલ નથી.

૨.૩ ઉપરોક્ત મુદ્દા નં ૨.૦ થી ૨.૨ ના અનુસંધાને સબંધક વિભાગીય કચેરીના પત્ર તા.૧૬-૧૧-૨૦૨૧ સાથે જોડેલ પેટાવિભાગીય કચેરીના પત્ર તા.૨૭-૧૦-૨૦૨૧ થી જણાવાયેલ છે કે વિભાગીય કચેરી દ્વારા તા.૨૬-૧૦-૨૦૨૧ ના રોજ ૧૦૦ **KVA** ના ટ્રાન્સફોર્મરનું એલોટમેન્ટ થતા, રાધિકા ફીડરનો શટડાઉન લઇ અને ૬૩ **KVA** ના ટ્રાન્સફોર્મરને ઓગમેન્ટ કરી ૧૦૦ **KVA** નું ટ્રાન્સફોર્મર ગ્રાહકને **TMN** તા.૨૬-૧૦-૨૧ ના રોજ અપાયેલ છે. વધુમાં જણાવાયેલ છે કે ગ્રાહક દ્વારા વધારાનો ટેસ્ટરીપોર્ટ પેટાવિભાગીય કચેરીમાં જમા કરાવ્યા બાદ સદર જોડાણને રીલીઝ કરવામાં આવશે.

૨.૪ ઉપરોક્ત મુદ્દા નં ૨.૩ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની ફરિયાદનો નિકાલ કરાયેલ હોય તે મુજબનું તા.૨૬-૧૦-૨૦૨૧ ના રોજ નું સમાધાનપત્ર રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૩.૧ પેરા નં ૨.૩ અને ૨.૪ અન્વયે અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થયેલ હોવાનું – અરજદારનું લેખિત સમંતિપત્ર તા.૨૬-૧૦-૨૦૨૧ રજુ કરાયેલ છે.

૩.૨ આમ, ફોરમ કક્ષાએથી કંઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(એન.સી.મકવાણા)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |